પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૬૬ | ૨૬ ઓગસ્ટ, ૨૦૧૭, શનિવાર ; ભાદરવા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રામ રહીમ દોષિત જાહેર થતાં હિંસા ભડકી

## પંજાબ, હરિયાણા અને દિલ્હી હચમચી ઉઠ્યા : હિંસામાં ૨૯ના મોત : ત્રણ શહેરોમાં સંચારબંધી







પંચકુલા, તા. ૨૫

ડેરા સચ્ચાના પ્રમુખ ગુરમિત રામ રહીમને બળાત્કારના કેસમાં અપરાધી જાહેર કરવામાં આવ્યા બાદ વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. પંચકુલા અને આસપાસના વિસ્તારોમાં ભડકી ઉઠેલી હિંસામાં ૨૯થી પણ વધુ લોકોના મોત થઈ ગયા છે. પંચકુલાની ખાસ સીબીઆઈ કોર્ટે ડેરા વડા રામ રહીમને બળાત્કારમાં દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ તેમના સમર્થકો હિંસા ઉપર ઉતરી આવ્યા હતા. પંચકુલામાં સેંકડો ગાડીઓને ફૂંકી મારવામાં આવી હતી. પત્રકારો ઉપર પણ હુમલા કરવામાં આવ્યા હતા. રામ રહીમના સંદર્ભમાં ચુકાદો આવ્યા બાદ દિલ્હી અને ઉત્તર પ્રદેશની સરહદો ઉપર એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. બીજી બાજુ હિંસા બેકાબૂ બન્યા બાદ અને ૧૩થી વધુ લોકોના મોત થયા બાદ અનેક વિસ્તારોમાં સંચારબંધી લાગૂ કરી દેવામાં આવી હતી. ભટિંડા, સંગરુર અને પટિયાલામાં સંચારબંધી લાગૂ કરી દેવામાં આવી હતી. હરિયાણાના પંચકુલમાં પણ સંચારબંધી લાગૂ કરી દેવામાં આવી હતી. હિંસા ફેલાયા બાદ સેનાની છ ટુકડીઓ પણ તૈનાત કરી દેવામાં આવી છે. સિરસામાં પણ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવામાં આવી હતી. રેપિડ એક્શન ફોર્સના જવાનો પણ ગોઠવી દેવામાં આવ્યા છે. કોર્ટ સંકુલની બહાર ડેરા સમર્થકોએ પત્રકારો ઉપર હુમલા કર્યા હતા. ફાયર બ્રિગેડ અને પોલીસની ગાડીઓને આગ ચાંપી દીધી હતી. પંજાબમાં બે રેલ્વે સ્ટેશનો ઉપર પણ આગ ચાંપી દેવામાં આવી હતી. શિમલા હાઈવે ઉપર કારોને રોકીને તોડફોડ કરવામાં આવી હતી. પંજાબ અને હરિયાણામાં અનેક જગ્યાઓએ વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. સરકારી ભવનોમાં હિંસક દેખાવકારોએ આગ ચાંપી દીધી હતી. માનસા, ફિરોઝપુરમાં સંચારબંધી લાગૂ કરી દેવામાં આવી છે. દેખાવકારોને કાબૂમાં લેવા પોલીસે ટીયરગેસના સેલ છોડ્યા હતા. ઉગ્ર દેખાવકારોના પથ્થરમારાના કારણે સ્થિતિ બેકાબૂ બની ગઈ હતી. પંચકુલા કોર્ટની બહાર ચારેબાજુ વ્યાપક હિંસા થઈ હતી. આ અગાઉ સિરસાથી પંચકુલા સુધીના ૨૫૦ કિલોમીટરના માર્ગ ઉપર તેમના સમર્થકો અને અનુયાયી લોકોએ પોલીસ અને વહીવટીતંત્રની તમામ વ્યવસ્થા છતાં તોફાનો કર્યા હતા. અનેક જગ્યાએ સમર્થક માર્ગો

● અનુસંધાન પા-૭ પર

- ડેરા સચ્ચા સમર્થકોનો હંગામો
- પંચકુલામાં ૧૦૦ વાહનો સળગાવાયા
- રિસરામાં ભારે હિંસા
- ચાર ઓબીવાન તોડી
- મીડીયા કર્મીઓને ટાર્ગેટ બનાવાયા

### ચુકાદા વેળા રામ રહીમ હાથ જોડીને કોર્ટ રૂમમાં ઉભા રહ્યા

ડેરા સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમિત રામ રહીમ બળાત્કારના મામલામાં દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. તેમના ઉપર આશ્રમની એક સાધ્વી ઉપર બળાત્કારનો આક્ષેપ છે. બાબા પર રેપ ઉપરાંત જાનથી મારી નાંખવાની ધમકીની કલમ હેઠળ કેસ નોંધાવવામાં આવ્યો હતો. તેમને ૧૦ વર્ષની સજા થઈ શકે છે. ચુકાદો વાંચવામાં ૧૦ મિનિટનો સમય લાગ્યો હતો. જ્યારે ચુકાદો આપવામાં આવી રહ્યો હતો ત્યારે રામ રહીમ હાથ જોડીને કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. ચુકાદો નિર્ધારિત સમય ૨.૩૦ વાગે આપી શકાયો ન હતો કારણ કે, બાબા રામ રહીમ મોડેથી કોર્ટમાં પહોંચ્યા હતા. કોર્ટ રૂમની અંદર કોઈને પણ જવાની મંજુરી અપાઈ ન હતી જેમાં માત્ર જજ, વકીલ, બે પોલીસ અધિકારી અને આરોપી ઉપસ્થિત રહ્યા હતા.

### રામ રહીમને કસ્ટડીમાં લેવાયા

પંચકુલા, તા. ૨૫

ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમિત રામરહીમ સિંહને



પંચકુલામાં ખાસ સીબીઆઈ કોર્ટે બળાત્કારના કેસમાં દોષિત જાહેર કર્યા બાદ તેમને તરત જ જ્યુડિશિયલ કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. તેમને હવે સોમવારના દિવસે સજાના દિવસે જ કોર્ટમાં ઉપસ્થિત કરવામાં આવશે. ડેરાના વડાને ચુકાદા વેળા કોર્ટમાં રજૂ કરવામાં આવશે. રેપના અપરાધીને લઘુત્તમ સાત વર્ષની અને મહત્તમ ૧૦ વર્ષની સજા કરવામાં આવી શકે છે. ચુકાદો આવતા પહેલા જ કોર્ટ રુમની બહાર જોરદાર ડ્રામાબાજી સર્જાઈ હતી. અનેક પ્રકારના વળાંકો આવ્યા હતા. જજ જગદીપસિંહ નક્કી કરવામાં આવેલા સમયે ૨.૩૦ વાગે ચુકાદો આપી શક્યા ન હતા. કારણ કે, બાબા રામરહીમ મોડેથી કોર્ટ પહોંચ્યા હતા.

## લાલૂની રેલીમાં હવે રાહુલ ગાંધી પણ નહીં જોડાય

નવી દિલ્હી,તા. ૨૫

આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવની ૨૭મી ઓગષ્ટના દિવસે યોજાનારી દેશ બચાવો ભાજપા ભગાવોની રેલી ફલોપ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે મોટા મોટા નેતા આ રેલીમાં ભાગ લેનાર નથી. બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીએ બેઠકમાં ભાગ નહીં લેવાની જાહેરાત કર્યાના એક દિવસ બાદ હવે એવુ જાણવા મળ્યુ છે કે કોંગ્રેસના ઉપ પ્રમુખ રાહુલ ગાંધી પણ આ બેઠકમાં ભાગ લેનાર નથી. ગાંધી નોર્વે જઈ રહ્યા છે જેથી તેઓ કાર્યક્રમમાં ભાગ લેનાર નથી. નોર્વેના વિદેશ મંત્રાલયના આમંત્રણ પર રાહુલ ઓસ્લો જઈ રહ્યા છે.

ગાંધીએ ટ્વિટર પર આજે આ મુજબની વાત કરી હતી. અન્ય ટ્વીટમાં રાહુલે કહ્યુ છે કે રાજકીય અને બિઝનેસ નેતાઓ સાથેની બેઠક ખુબ ઉપયોગી રહેનાર છે. પટણાના ગાંધીન મેદાન ખાતે ૨૭મી ઓગષ્ટના દિવસે લાલુ વિશાળ રેલી યોજવા માટેની તૈયારી કરી રહ્યા છે. વિપક્ષી એકતાની તાકાતનો પરિચય આપવાના તેમના ઈરાદામાં સફળતા ન મળે તેવી વકી છે.

આ પહેલા હેવાલ આવ્યા હતા કે ભાજપ ભગાડો દેશ બચાવો રેલીમાં બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતી ભાગ લેશે નહી.



પ્રતિક્રમણ - ક્ષમાપનાના પાવન પર્વ સંવત્સરીની સાંજે મુની ભગવંતોની નિશ્રામાં જૈન દેરાસર ખાતે શ્રાવકોએ પ્રતિક્રમણ કર્યા હતા... મન-વચન અને કર્મથી પ્રત્યક્ષ યા પરોક્ષ અપરાધ થયો હોય કે અવગણના થઈ હોય તે બદલ સૌની ક્ષમા પ્રાર્થવાના બોધ સાથે પૂજન-અર્ચન અને જાત સાથે વાત કરવાની પ્રક્રિયાની અદ્‌ભૂત ક્ષણોનો આ અનેરો અવસર એટલે પ્રતિક્રમણ.... શહેરના સેક્ટર-૨૨ ખાતે ગાંધીનગરના જૈન સમુદાયના સૌ શ્રાવકો જપ, તપના સંકલ્પ સાથે પૂજન - અર્ચન કર્યા હતા.... જૈન અને જૈનેતર ભાવકો એક-મેકને મિચ્છામી દુક્કડમ પાઠવતા હતા... સામાજીક ચેતનાના ભાગરૂપે મિચ્છામી દુક્કડમ પાઠવવાનો સંસ્કાર માનવજાત માટે ઉપકારક છે... વેરથી વેર શમે નહિ એવા ભગવાન મહાવીરના ઉપદેશને અનુસરવા નાનકડો પ્રયાસ પણ પ્રસંશનીય છે... જૈન સમુદાયના ક્ષણા-પ્રાર્થનાનો ભાવ હવે અન્ય સમાજોમાં પણ પ્રસરતો જાય છે... જે આવતીકાલને વધુ સંવેદનશીલ અને સમરસ બનાવશે.... સૌ વાચકોને ગાંધીનગર સમાચાર પરિવાર મિચ્છામી દુક્કડમ પાઠવે છે....

## કેન્દ્રીય કેબિનેટનું બે-ચાર દિવસમાં વિસ્તરણ

### એનડીએમાં જેડીયુનો સમાવેશ કરવામાં આવ્યા બાદ તેના બે પ્રધાનોને સામેલ કરાશે : ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશને કેબિનેટમાં વધારે પ્રતિનિધિત્વ અપાશે

નવી દિલ્હી,તા. ૨૫

રાજકીય વર્તુળોમાં જેની ચર્ચા જોવા મળી રહી છે તે કેન્દ્રિય કેબિનેટનુ ટુંક સમયમાં જ વિસ્તરણ કરવામાં આવનાર છે. વિશ્વસનીય સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે કેન્દ્રિય કેબિનેટનુ વિસ્તરણ આજથી શરૂ થયેલા ૧૦ દિવસના ગણપતિ ઉત્સવ અને ત્રીજી સપ્ટેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીન અને મ્યાનમાર જવા રવાના થાય તે પહેલા કરવામાં આવી શકે છે. આગામી થોડાક દિવસોમાં કેન્દ્રિય કેબિનેટનુ વિસ્તરણ કરવામાં આવી શકે છે. વર્ષ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલા સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી કલ્યાણ યોજના લોકો સુધી દેખાય અને તેની પ્રશંસા થાય તેની ખાતરી કરવા માટે આ વિસ્તરણ કરવામાં આવનાર છે. હાલમાં જ એનડીએમાં સામેલ થયેલા જેડીયુને મહત્વપૂર્ણ કેબિનેટ પોસ્ટ મળે તેવી શક્યતા છે. સાથે સાથે રાજ્યપ્રધાન તરીકેની કેટલાકને જવાબદારી મળી શકે છે. કૃષિ સહિતના કેટલાક ખાતામાં ફેરફાર કરવા માટેની ચર્ચા ચાલી રહી છે. સ્કીલ ડેવલપમેન્ટ અને ઉદ્યોગ

● અનુસંધાન પા-૭ પર

## બીજી વનડે મેચમાં શ્રીલંકા પર ભારતની શાનદાર જીત

કેન્ડી,તા. ૨૫

પાંચ વનડે મેચોની શ્રેણીની બીજી વનડે મેચમાં યજમાન શ્રીલંકા પર ભારતે ત્રણ વિકેટે જીત મેળવી શ્રેણીમાં ૨-૦ની મહત્વપૂર્ણ લીડ મેળવી હતી. જીતવા માટેના ૨૩૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે મુશ્કેલ સ્થિતીમાંથી નિકળ્યા બાદ સાત વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ફરી એકવાર શાનદાર બેટિંગ કરી હતી. તે ૪૫ રને અણનમ રહીને ભારતને મેચ જીતાડી ગયો હતો.ધોનીએ કટોકટીમાં ૬૮ બોલમાં ૪૫ રન બનાવ્યા હતા.આની સાથે જ ધોનીએ મેચ ફિનિશર તરીકેની સાબિતી આપી હતી. તેની સાથે ભુવનેશ્વરે પણ યાદદાર ઈનિંગ્સ રમી હતી. ભુવનેશ્વરે અણનમ ૫૩ રન કર્યા હતા.ભારતે એક વખતે સાત વિકેટ માત્ર ૧૩૧ રનમાં ગુમાવી દીધી હતી.ભારત તરફથી ધવને ૪૯ અને રોહિત શર્માએ ૫૪ રનની ઈનિંગ્સ શરૂઆતમાં રમી હતી સાથે સાથે સારી શરૂઆત આપી હતી. જો કે ત્યારબાદ ભારતનો ધબડકો થયો હતો. રાહુલ ચાર, જાધવ ૧ અને કોહલી ચાર રન કરીને આઉટ થયા હતા. પંડ્યા શુન્યમાં આઉટ થયો હતો. ત્યારબાદ ધોની અને ભુવનેશ્વર કુમારે શાનદાર બેટિંગ કરીને ભારતને જીત અપાવી હતી. બન્નેએ ૧૦૦ રનની ભાગીદારી નોંધાવી હતી. ડકવર્થ લુઈસ પદ્ધિતીના આધારે ભારતે મેચ સાત વિકેટે જીતી લીધી હતી.

● અનુસંધાન પા-૭ પર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

NAGARJUNA | BAN Since 1966 | Himalaya HERBAL HEALTHCARE | ZANDU | VASU Healthcare Pvt. Ltd. | पतंजलि | Baidyanath ASLI AYURVED | Dabur | SANDU | Charak
આયુર્વેદિક દવાઓ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

ફ્રી નિદાન કેમ્પ
ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે
ડૉ. પરમારની હોસ્પીટલ
૩૦૫, પદમાવતી કોમ્પલેક્ષ, ઘ-૬, ગાંધીનગર
સેક્ટર-૨૯, ફોન : ૦૭૯-૨૩૨૧૧૧૧૬
ડૉ. લેખરાજસિંગ એમ.એસ. (સર્જરી) એફમાસ
ડૉ. ગૌતમ સુથાર એમ.એસ. ફેલો યૂરોલોજીસ્ટ
કેમ્પની ઉપલબ્ધ સુવિધા
પેટના રોગો | પેશાબના લગતાં રોગો (પથરી)
સારણગાંઠ | પ્રોસ્ટેટની સારવાર (TURP)
આંતરડાને લગતાં રોગો | થાઈરોઈડ અને લાળગ્રંથીની સારવાર
કેમ્પની તારીખ : ૨૭-૮-૨૦૧૭, રવિવાર ● સમય : ૧૦ થી ૨

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951 નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫